**REGISTER OF CASES TRIED BY MR.K.J.DARJI – ADDL. CHIEF METROPOLITAN MAGISTRATE, AHMEDABAD**

IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)

-----------------------------------------------------------------

CRIMINAL CASE NO.200184/2008.

-----------------------------------------------------------------

આંક–

| | | |
|---|---|---|
| ક. | કેસનો અનુક્રમ નંબરઃ | ૨૦૦૧૮૪/૨૦૦૮ |
| ખ. | ગુન્હો બન્યાની તારીખઃ | |
| ગ. | ફરિયાદની તારીખઃ | ૦૩/૦૬/૨૦૦૮ |
| ઘ. | ફરિયાદીનુ નામ : | રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ |
| ચ. | આરોપીના નામ, ઉંમર અને રહેઠાણ : | ૧. મે.કામધેનુ મેટલ્સ લી.<br>ઠે.–૧૮, મંગલમુર્તિ કોમ્પલેક્ષ, શ્રી સિનેમા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.<br>૨. નરેન્દ્ર ગંગારામ પટેલ,<br>રહે– બી–૪, માલવ ડુપ્લેક્ષ, સ્ટેડિયમ સર્કલ પાસે, સ્વસ્તિક સોસાયટી, અમદાવાદ. |
| છ. | ફરીયાદમાંનો આરોપ અથવા સાબિત થયેલો આરોપ : | કંપની એકટ ૧૯૫૬ ની કલમ–૧૬૨ મુજબ |
| જ. | આરોપીઓનો જવાબ અને તપાસણી.<br>સવાલ : તમોને ફરીયાદની નકલ મળેલી છે ?<br>જવાબઃ હા જી<br>સવાલ : તમો આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ ગુનો કબુલ છે કે બચાવ કરવા માંગો છો ?<br>**જવાબ :** હા, મને સ્વેચ્છાએ ગુન્હો કબુલ છે. | |

-----------------

( કંપની વતિ તથા આરોપી નં.૨ જાતે )

તા.૨૨/૦૭/૨૦૧૮ મારી રૂબરૂ

અમદાવાદ.

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ**

**<u>ઝ. નિર્ણય:</u>**

- આ કામમાં રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ધ્વારા આરોપીઓ વિરુધ્ધ કંપની એકટની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ અદાલતમાં હાજર થતા તેમને ફરીયાદની નકલ આપવામાં આવેલ છે. આરોપીઓ તરફે સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–    થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની તેમની  વિરુધ્ધના ગુના સબબ આંક–       થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓએ ગુનો કબુલ છે તેવું જણાવેલ છે.
- સજા બાબતે આરોપીઓને સાંભળતા આરોપીઓએ આ તેમનો પ્રથમ ગુનો ફરીથી નહી કરવા અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. કંપની પ્રોસીકયુટર શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.
- આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈ એટલે કે કંપની એકટ ૧૯૫૬ ની કલમ ૧૬૨ ને ધ્યાનમાં લેતા તથા તેમાંની સજાની જોગવાઈ ધ્યાને લેતાં મિનિમમ સજાની કોઈ જોગવાઈ જણાવેલ નથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**ટ.સજા કે આખરી હુકમ.**

- પ્રત્યેક આરોપીને ક્રિ.પ્રો.કોડ.કલમ ૨૫૨ હેઠળ **કંપની એકટ ૧૯૫૬ ની કલમ ૧૬૨** ના ગુના સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક દિવસના **રૂ.૩/-(અંકે રૂપિયા ત્રણ )લેખે ૧૮૪૨** દિવસના ભંગ બદલ **કુલ રૂ.૫૫૨૬/- ( અંકે પાંચ હજાર પાંચસો છવ્વીસ )** પૂરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીઓને **૧૦ (દસ)** દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.
- ફરીયાદપક્ષને થયેલ ખર્ચ પેટે રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો ) પૂરા અલગથી ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**ઠ. કાર્યવાહી પુરી થયાની તારીખ**

અમદાવાદ.
તા.૨૨/૦૭/૨૦૧૮

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ**